| PUBLICATION NAME : | Divya Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/06/2023 |
| PAGE : | 3 |

# EDII તથા DICCI NextGen દ્વારા સંયુક્તપણે નેશનલ કોન્કલેવ ઑન એમ્પાવરિંગ યૂથ યોજાઈ



ભારતની જી-૨૦ પ્રેસિડેન્સીમાં યુવાનોને સામેલ કરવા તથા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા આંત્રપ્રેન્યૉરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા(EDII), અમદાવાદ તથા દલિત ઈન્ડિયન ચૅમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી(DICCI)દ્વારા 'એમ્પાવરિંગ યૂથઃ ફોસ્ટરિંગ ઈન્કલુઝન એન્ડ ડાયવર્સિટી' વિષય પર રાષ્ટ્રીય કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્કલેવને SIDBI પણ સહયોગ મળ્યો હતો અને તેનું આયોજન યુવાનોને એમ્પાવર કરવા, તેમને અર્થસભર ચર્ચા માટે મંચ પૂરો પાડવા, નોલેજ શૅરિંગ માટે તથા ડાયવર્સિટી અને ઈન્કલુઝન મજબૂત બનાવવા કરવામાં આવ્યું હતું.

કોન્કલેવના ઉદ્દઘાટન સમારંભમાં DICCI ના સ્થાપક ચેરમેન તથા EDII ના બોર્ડ મેમ્બર ડૉ. મિલિન્દ કામ્બલે, યૂથ ૨૦, કન્વીનર સેક્રેટરિએટ શ્રી અજય કશ્યપ, SIDBI ના જનરલ મેનેજર શ્રી સંજય ગુપ્તા, DICCI નેક્સ્ટજનના રાષ્ટ્રીય કન્વીનર સુશ્રી મૈત્રેયી કામ્બલે તથા EDII ના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લ ઉપસ્થિત રહ્યાં હતાં.

કોન્કલેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈન્કલુઝન હાંસલ કરવામાં આવતા પડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો. વિવિધ સ્તરે ડાયવર્સિટી અને ઈન્કલુઝનને પ્રોત્સાહિત કરવા માટેના નૂતન ઉપાયો વિશે પણ કોન્કલેવમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઈવેન્ટના ભાગરૂપે વિવિધ ટેકનિકલ સેશનનું પણ આયોજન થયું હતું. વિવિધ સેશનમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં ભાવિ કામગીરી, સર્વસમાવેશી પ્રેક્ટિસ હાંસલ કરવા માટેના ઉપાય તથા લાંબાગાળાની સ્થિરતા માટે સહયોગના મહત્ત્વ અને ઈન્કલુઝિવ નીતિઓ – વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી.